# “વાંચે ગુજરાત” તો “ગાશે ગુજરાત” કેમ નહીં ?

અત્યારે ગુજરાતમાં સપ્તધારા અંતર્ગત શાળા-કોલેજોમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલી રહ્યાં છે. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓએ આ કાર્યક્રમને વધાવી લીધો છે, તો વળી કેટલીક સંસ્થાઓ અત્યારે આ કાર્યક્રમથી દૂર રહીને પછીથી કરવાનું વિચારી રહી ચે. તો વળી કેટલીક સંસ્થાઓ આ કાર્યક્રમોને વિદ્યાર્થીના ભણતર આડેના અવરોધ સમાન માનીને આવા કાર્યક્રમોથી દૂર જ રહે છે. ભગવાન તેમને સદ્‌બુદ્ધિ આપે. આવી સંસ્થામાં બાળકનો જ્ઞાનાત્મક કે માહિતીલક્ષી વિકાસ થાય છે, પણ સર્વાંગી વિકાસ થતો નથી. ત્યારે સરકારના શિક્ષણવિભાગની કેટલીક કચેરી દ્વારા દરેક શાળા-કોલેજોને આદેશ આપીને આ સપ્તાહ દરમિયાન કયા કાર્યક્રમો ઉજવવા તેનું માર્ગદર્શન આપેલ છે. સાથે સી.ડી. પણ આપેલ છે. ઉચ્ચશિક્ષણ કમિશ્નરની કચેરીના આદેશ મુજબ કોલેજકક્ષાએ આ સપ્તાહમાં ઉજવવાના કાર્યક્રમોમાં નિબંધસ્પર્ધા, વકતૃત્ત્વસ્પર્ધા, ગુજરાતીગીતો કે ભજનો, ગુજરાતને લગતા સામાન્યજ્ઞાનની ક્વીઝ, નાટકો અને છેલ્લા દિવસે “રન ફોર ગુજરાત” નો કાર્યક્રમ રાખેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમોથી વિદ્યાર્થીઓ ગુજરાતની કેટલીક અસ્મિતા જાણશે અને માણશે. આમછતાં “ગાશે ગુજરાત” નો ખ્યાલ મુર્તિમંત નહીં જ થાય.

સરકાર દ્વારા “વાંચે ગુજરાત” કાર્યક્રમ હેઠળ ગુજરાતીઓને વાંચતા કરવાનો પ્રયત્ન કર્યો છે. શાળાઓને સારી એવી સંખ્યામાં પુસ્તકો મળ્યાં છે. આમછતાં એક કાર્યક્રમ ગુજરાતની સ્વર્ણિમ ઉજવણીના ભાગરૂપે નથી તે ખટકે છે. અને તે છે “ ગાશે ગુજરાત”. જો “વાંચે ગુજરાત” પછી “ગાશે ગુજરાત”નું ઉમેરણ થાય તો સોનામાં સુગંધ ભળે. અત્યારની નવી પેઢી માટે તે અતિઅતિઅતિ આવશ્યક છે. આજના યુવાન કે બાળકને પાંચ ગીતો ગાવાનું કહેશો તો તેમાંથી ચાર ગીતો હિન્દી ફિલ્મના ગીતો હશે. તેને ગુજરાતીમાં અંતાક્ષરી રમવાનું જણાવશો તો તે ના પાડશે, કારણ આપશે કે તેને ગુજરાતી ગીતો આવડતા નથી.

વડિલ વર્ગ યાદ કરે કે, તમને આજે પણ શાળા કક્ષાએ શીખેલ કેટલાક કાવ્યોની પંકિતઓ યાદ હશે જ. જેમકે, જળ કમળ છાંડી જાને બાળા, સ્વામિ અમારો જાગશે, તો વળી પ્રાર્થનામાં ગવાતી ધૂન રઘુપતિ રાઘવ રાજા રામ.......... આવા અનેક લોકપ્રિય કાવ્ય-ગીતો, ભજનો કે ધૂન આજે પણ ઘણાં વડિલોના મુખેથી નવરાશની પળોમાં ગવાતા હશે. એટલું જ નહીં કેટલાક લોકગીતો કે ભજનો ખૂબ જ લોકપ્રિય નીવડ્યા છે. જે અવારનવાર સાંભળવાનું કે ગાવાનું મન થાય છે. જેમકે, ઉંબરે ઊભી સાંભળુ રે બોલ વાલમના.... મોરલી તો ચાલી રંગ રુસણે રે...મેંદી તો વાવી માળવેને એનો રંગ ગયો ગુજરાત રે...ઈંધણા વીણવા ગઇ'તી ત્યાં મને વીંછુડો ચટક્યો.....આવા અનેક અનેક ગીતોની યાદી બનાવી શકાય. કે જે ગુજરાતનું અને ગુજરાતીઓનું ગૌરવ છે. પણ ખેદ એટલો જ કે આજે ગુજરાતીઓના ઘરમાં ગુજરાતી ગીતોની સી.ડી. કે ડી.વી.ડી કે કેસેટ નહીં હોય, પણ હિન્દી ફિલ્મોના ગીતોની એક નહીં પણ અનેક સી.ડી. કે ડી.વી.ડી. હશે. અરે, ઘરની જ વાત ક્યાં કરવી, પોતાની કારમાં પણ ગુજરાતી ગીતોની સી.ડી. નહીં હોય. આ આપણું બે મોંઢાનું કલ્ચર કહી શકાય.

ગુજરાતી લગ્નો અને ગરબા એ ગુજરાતની ખાસ વિશેષતા છે. વર્ષો પહેલાં અને આજે પણ ગામડામાં લગ્નગીતો ગાતી બહેનોને જોવી એક લ્હાવો છે. જો જોવામાં આટલી મજા આવતી હોય તો જેઓ પોતે ગીતો ગાતા હોય છે તેમને કેટલી મજા આવતી હશે! પણ આજની નવી પેઢી લગ્નગીતોથી દૂર જઇ રહી હોય તેમ લાગે છે. માટે તો શહેરમાં લગ્નગીતો ગાવા માટે ભાડેથી માણસો લાવવા પડે છે. લગ્નમાં અનેક નાના નાના પ્રસંગો આવતા હોય છે. જેમ કે કંકોતરી લખવી, માંડવો રોપવો, ગ્રહશાંતિ, માંચરાની વિધિ, જાન

આગમન અને જાન વિદાય વગેરે. આવા દરેક પ્રસંગના ગીતો ગવાતા સાંભળવા એક લ્હાવો છે. તેમાં પણ ફટાણાં એ તો લગ્નગીતોનું વિશિષ્ટ ઘરેણું કહી શકાય. લગ્નપ્રસંગની જેમ ગરબા પણ ગુજરાતની વિશેષતા છે. પણ આજના ગરબામાં લોકગીતો કે માતાજીના ગરબા કરતાં હિન્દીગીતોની સંગત વધુ જોવા સાંભળવા મળે છે. આજે માતાજીના ગરબામાં ડી.જે. અને સનેડાની પક્કડ વધુ મજબૂત બનતી જાય છે. ગરબે ઘૂમતા ઘૂમતા ભલે આનંદ કરે, પણ જૂનું જે છે તેને જાળવવું પડશે. તો જ ગુજરાત માટે ગૌરવ લઇ શકીશું. ત્યારે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં " ગાશે ગુજરાત " નામનું એક અભિયાન સરકાર દ્વારા શરૂ કરવું જોઇએ અને સૌ ગુજરાતીઓએ તેને વધાવી લેવું જોઇએ. જો સરકાર શરૂ કરી શકે તો કોઇ સેવાભાવી સંસ્થાએ આ કામ ઉપાડી લેવા જેવું છે. પૂ.મોરારીબાપુ તેમની કથાઓમાં આ કામ અત્યારે કરી રહ્યાં છે.

"વાંચે ગુજરાત" અભિયાન અંતર્ગત સો ટકા ગુજરાતીઓ વાંચતા નહીં થયા હોય, છતાં મૂલ્યો અને વાંચન પ્રક્રિયાને જોતાં જેટલા લોકોએ વાંચન કર્યુ તે તેમના ફાયદા માટે જ છે. અહીં વાંચનથી વ્યક્તિગત ફાયડો થવો છે. જેથી ગુજરાતના નાગરિકો સમૃદ્ધ બનશે. પણ જો ગુજરાતની અસ્મિતા કે સંસ્કૃતિનો પરિચય અને પરચો બતાવવો હશે તો " ગાશે ગુજરાત " કરવું જ પડશે. જેથી ગુજરાતીઓ ગુજરાતી ગીતો સાંભળે, ગાય અને ગુજરાતની વિવિધ સંસ્કૃતિને આનંદ સાથે જાણે. નવી પેઢીને માત્ર કહેવાથી નહીં ચાલે. તેમની સાથે રહીને તેમને ગુજરાતની સમસ્કૃતિ બતાવવી પડશે. તમારે તમારા ઘરમાં ગુજરાતી ગીતો વગાડવા પડશે, સભળાવવા પડશે. નવી પેઢીને સગવતા કરી આપવી પડશે. ગુજરાતી ઘણાં ગીતોમાં ગામડાનું ભોળપણ છે, તો સ્ત્રીની પતિ વિના વિહવળતા પણ છે. ભગવાનના ભજનો છે તો વીરોને પાણી ચડાવે તેવા શૌર્યગીતો પણ છે. ગુજરાતના ગૌરવને અરિસાની જેમ રજૂ કરતા " જય જય ગરી ગુજરાત " જેવા ઘણાં ગીતો છે. વિવિધ વિષયોથી ભરેલા ગેય ગીતો આજની પેઢી સામે મૂકવાની ફરજ આપણા સૌની છે. આમ કરશું તો જ ગુજરાતના સાહિત્યના પરિચયની સાથે ગુજરાતો વારસો સંરક્ષિત રહેશે અને સંવર્ધન પામશે.

આ માટે એક સુંદર મજાનું કામ અમેરિકામાં રહીને જયશ્રીબેન કરી રહ્યાં છે. તેમણે ટહુકો ડોટ કોમ નામની વેબસાઇટ બનાવી છે. જેના પરથી ગુજરાતી જૂના પ્રખ્યાત થયેલા ગીતો કે ભજનો સાંભળી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ વેબસાઇટ ગુજરાતી ગીતોનો ખજાનો છે. એકપણ પૈસાના ખર્ચ વગર તમે આનંદ માણી શકો છો. ગુજરાતી ગીતોને લોકો સુધી પહોંચાડવાના નિ:સ્વાર્થી ભગીરથ કાર્ય કરનાર બહેન સાચા અર્થમાં ખરા ગુજરાતી છે. જેમને એક ગુજરાતી ભાઇ તરીકે સો સો સલામ. આવી સલામ અનેક લોકોને મારવાની તક મળે એવી પ્રભુને પ્રાર્થના.